# બાયડ તાલુકા પંચાયતમાં ગંદકીનું સામ્રાજ્ય

## કમ્પાઉન્ડ દીવાલ નજીક પાણી ભરાતા મચ્છરોના ઉપદ્રવથી પ્રજાજનો ત્રાહિમામ

બાયડ, તા. ૨૧

બાયડ તાલુકા પંચાયત કચેરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનનું બાળમરણ





થયું હોય તેવો ઘાટ સર્જાયો છે. બાયડ તાલુકા પંચાયતમાં ભાજપના સત્તાધીશો જ સ્વચ્છતા અભિયાનના લીરે લિરા ઉડાડતા હોય તેમ ઠેર ઠેર ગંદકી અને વરસાદી પાણીનો ભરાવો થતા તાલુકા પંચાયત કચેરીમાં કામકાજ અર્થે આવતા અરજદારો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તાલુકા પંચાયત કચેરીની દીવાલ નજીક પાણી ભરાઈ રહેતા મચ્છરોના ઉપદ્રવથી આજુબાજુના રહેણાંક વિસ્તારોના પ્રજાજનો મચ્છરજન્ય રોગચાળામાં સપડાઈ રહેતા તાલુકા પંચાયત કચેરીમાં અને આજુબાજુમાં ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરવા પ્રજાજનોમાં માંગ પ્રબળ બની છે.

બાયડ શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે. ૨૦થી વધુ લોકો શંકાસ્પદ ડેન્ગ્યુનો ભોગ બન્યા છે. બાયડ તાલુકા પંચાયત કચેરીના પ્રવેશદ્વાર આગળ અને કમ્પાઉન્ડ વોલની બાજુમાં વરસાદી પાણી ભરાઈ રહેતા બંધિયાર પાણીમાંથી અસહ્ય દુર્ગંધ સાથે ગંદકીમાં ફેરવાતા મચ્છરોનો ઉપદ્રવ વધતા મચ્છરજન્ય રોગચાળામાં તાલુકા પંચાયત કચેરીની નજીક આવેલી પંજાબી સોસાયટી સહીત રહેણાંક વિસ્તારમાં લોકો પટકાઈ રહ્યા છે. મચ્છરજન્ય રોગચાળાઓ વધુ ફાટી નીકળે તે પહેલા તાલુકા પંચાયત કચેરી અને આજુબાજુમાં ભાયેલ વરસાદી પાણીનું નિકાલ કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

બાયડ તાલુકા પંચાયતના સત્તાધીશો અને તાલુકા વિકાસ અધિકારી અને તંત્ર તાલુકા પંચાયત કચેરીમાં અને આજુબાજુ ભરાયેલ વરસાદી પાણીના નિકાલ માટે આંખ આડા કાન કરી રહી હોય તેવો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે.

# ભિલોડા તાલુકાના ટાકાટુકાથી ટોરડા-ઝાંઝરી સુધીનો માર્ગ બિસ્માર, વાહનચાલકો હેરાન પરેશાન

ભિલોડા,તા.૨૧

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ચોમાસા દરમ્યાન ઠેર-ઠેર માર્ગોની સ્થિતી બિસ્માર હોઈ વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ભિલોડા તાલુકાના ટાકાટુકા થી સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભુમિ અને શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે આવતા યાત્રાળુઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. બિસ્માર માર્ગ ઉપર ઠેર-ઠેર મસમોટા ગાબડાં હોવાના કારણે વાહન ચાલકોને વારંવાર મેઈન્ટન્સ પાછળ વ્યાપક ખર્ચા કરવા પડતા હોઈ ત્યારે એક તરફ મંદીનો માહોલ હોઈ વાહન ચાલકોની આર્થિક કમર દિન-પ્રતિ-દિન તુટતી જાય છે.

ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માર્ગો પાછળ વર્ષે દહાડે કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે પરંતુ વ્યાપક ભ્રષ્ટાચાર હોવાના કારણે વિવિધ માર્ગો ખુબ જ ટુંકા ગાળામાં બિસ્માર હાલતમાં ફેરવાઈ જાય છે ત્યારે નિર્દોષ વાહન ચાલકો મોતના ખપ્પરમાં હોમાઈ જાય છે.નજર હટી તો દુર્ઘટના ઘટી જેવો ઘાટ ઘડાયો છે. ચોમાસા દરમ્યાન વિવિધ



માર્ગોની ઠેર-ઠેર વિપરીત હાલત જોતા વ્યાપક ભ્રષ્ટ્રાચાર ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે.કરોડો રૂપિયાના ખર્ચે તાજેતરમાં બનાવેલા માર્ગોનું ઠેર-ઠેર બાળ મરણ થઈ રહ્યું છે.

ટાકાટુકા ગામમાં અંદાજીત ૫૦૦ મીટરના રસ્તા ઉપર આડેધડ બિનઅધિકૃત રીતે બનાવેલા ૬ થી વધુ તોતીંગ બમ્પ વહીવટી તંત્ર ધ્વારા સત્વરે હટાવવામાં નહી આવે તો જાગૃત વાહન ચાલકો ઉપવાસ ઉપર બેસી જશે તેવી ચિમકી વાહન ચાલકોએ ઉચ્ચારી હતી. ટાકાટુકા-ટોરડા-કુશાલપુરા-ધનસોર-બાવળીયા-ભાણમેર-ઝાંઝરી સુધીનો ટુંકા અંતરનો ૧૨ કિ.મી.નો માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં હોઈ વારંવાર ઉચ્ચ કક્ષાએ ધારદાર ઉગ્ર રજુઆતો કરવા છતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ કેમ આળસ ખંખેરતા નથી ?ટોરડા સ્વામીનારાયણ મંદિરે આવતા યાત્રાળુઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. વાહનચાલકોને રોજીંદી અવર જવર કરવામાં ભ્રષ્ટાચારી બાબુઓના પાપે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હોઈ તેમ લોકમુખે ચર્ચાય છે.

# માલપુરના ડામોરના મુવાડા ગામે ૧૫૦ વીઘા ગૌચરમાં થયેલ દબાણ દૂર કરાયા

ગામડાઓમાં દિવસેને દિવસે ગૌચર ઘટી રહ્યા છે.



અરવલ્લી જીલ્લામાં આવેલા મોટા ભાગના ગૌચરની જમીન ખેતરમાં ભળી રહી છે. પશુઓને ચરવા માટે રખાયેલ ગૌચર પર સ્થાનિક લોકોએ કબ્જો કરી દઈ ગેરકાયદેસર નાના મોટા બાંધકામ કરી દઈ દબાણ કરી દેતા ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે.

માલપુર તાલુકાના ડામોરના મુવાડા ગામે ગામના જ કેટલાક શખ્સોએ દબાણ કરી દેતા ગ્રામજનોએ જવાબદાર તંત્રમાં અનેકવાર રજુઆત કરતા કોઈ ઉકેલ ન આવતા થોડા સમય અગાઉ ગામના ૧૦૦થી વધુ ખેડૂતો જીલ્લા કલેકટર કચેરી ખાતે સામુહિક મુંડન માટે પહોંચ્યા હતા. સામુહિક મૂંડનની જાણ તંત્રને થતા



તંત્ર તરફથી ગૌચર પરનું દબાણ દૂર કરવા હૈયા ધારણા આપી હતી. પોલીસે ૨૫થી વધુ ખેડૂતોની જાહેરનામાના ભંગ હેઠળ અટકાયત કરી હતી.

બુધવારે તાલુકા વિકાસ અધિકારી સહીત અધિકારીઓ ડામોરના મુવાડા ગામે ૧૫૦ વીઘાથી વધુના ગૌચર પર કરેલ કાચા પાકા દબાણ દૂર કરવા પહોંચી દબાણ દૂર કરવા કાર્યવાહી હાથ ધરી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મહિલા પોલીસ સહીત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દઈ ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગામનું ગૌચર દૂર કરવાની કાર્યવાહીથી ગ્રામજનોમાં અને ખેડૂતોમાં આનંદ છવાયો હતો. ગૌચર પર દબાણ કરનાર ભુ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.



**ધનસુરા વિશ્વકર્મા મંદિરમાં વિવિધ હિંડોળા**

ધનસુરામાં આવેલ વિશ્વકર્મા મંદિરમાં વિવિધ હિંડોળા ભરવામાં આવે છે. જેના દર્શન માટે લોકો મોટી સંખ્યામાં ઉમટે છે. ધનસુરા વિશ્વકર્મા મંદિરના પૂજારી ઈશ્વરદાસજી મહારાજ દ્વારા મંદિરમાં વિવિધ હિંડોળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકો, યુવાનો, વડીલો સૌ કોઈ ઉત્સાહભેર દર્શન માટે આવે છે. હિંડોળાને સુંદર મજાના રંગબેરંગી ફૂલોથી સુંદર રીતે સજાવવામાં આવ્યા હતા.

# શિવમ ટાયર્સમાં નોકરી કરતા ૨૨ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

## યુવકને મારીને લટકાવવામાં આવ્યો છે સાચી તપાસ નહિ થાય ત્યાં સુધી અમો મૃતદેહ નહિ સ્વીકારીએ : મૃતકના પરિવારજનો

ધાનેરા રેલવે સ્ટેશન નજીક ૨૨ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ મૃતક ના



પરિવાર જનો આક્ષેપ કરી રહ્યા છે કે અમારા દીકરા એ આત્મહત્યા નથી કરી તેની હત્યા કરવામાં આવી છે અને જ્યાં સુધી પોલીસ સાચી તાપસ નહિ કરે ત્યાં સુધી અમે લોકો લાશ નહિ સ્વીકારીએ થરાદ તાલુકા ના મેઘપુરા ગામે રહેતા ધારશીભાઈ ટકોરનો દીકરો સેંધાભાઈ ધારશીભાઈ ઠાકોર જે ધાનેરામાં આવેલા શિવમ ટાયર્સ નામની દુકાનમાં છેલ્લા ઘણા સમયથી નોકરી કરતો હતો. શિવમ ટાયર્સ નામની દુકાન પાછળ આવેલી એક રૂમ માં રહેતો હતો આજે સવારે આ રુમ ખુલી તો સેંધાભાઈની પંખે લટકી રહી હતી આ જોઇ જોનારા પણ ચોકી ગયા હતા. ધાનેરા પોલીસ ને જાણ કરતા કલાકો બાદ ધાનેરા પોલીસ ઘટના સ્થળે આવી હતી અને મૃતક ના પરિવાર જનો પણ આવ્યા હતા અને મૃતક ની લાશ ને પીએમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી પરંતુ મૃતક ના પરિવાર



જનો ધ્વરા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આ આત્મહત્યા નહિ પણ એક હત્યા છે અને પોલીસ જ્યાં સુધી સાચી દિશામાં તાપસ નહિ કરે ત્યાં સુધી અમે લોકો લાશ નહિ સ્વીકારીએ. ઉશ્કેરાયા હાય અને પોલીસ ની સમજાવટ બાદ પણ આ પરિવાર જાણો માનવ તૈયાર ન હતા અને અને મૃતક ની લાશને ધાનેરા ની રેફરલ હોસ્પિટલ ના ચોક માં મૂકી ચાલતા થયા હતા અને તે બાદ ધાનેરા પોલીસ અને લોકોએ ભેગા મળી લાશને પીએમ રૂમમાં મૂકી હતી તો બીજી તરફ મેઘપુરા ગામના સરપંચે જણાવ્યું હતું કે ધાનેરા ના શિવરામભાઈ ને આ યુવક ની હત્યા કરવામાં આવી છે અને તેની લાશ ને પંખા ઉપર લટકાવી દેવામાં આવી છે અને રાજકીય જેક લગાવી પોલીસ ને પણ દબાવી દીધી છે એટલે પોલીસ પણ અમને સંતોષ કારક જવાબ આપતી નથી એટલે અમે લોકો લાશ સ્વીકારવાનો બહિષ્કાર કરીએ છીએ અત્યારે તો આ યુવક ના મોતને લઈ અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે પરંતુ યુવકના મોતનું સાચું કારણ અને શું છે અને પરિવારજનો લાશ ક્યારે સ્વીકારે છે તેતો સમય જ બતાવશે.

### ડીસાના વિરુણા ગામના શખ્સનું પરાક્રમ

# પ્રેમાંધ શખ્સે પ્રેમિકાને પામવા પત્નીની હત્યા કરી મૃતદેહ ઝાડીઓમાં ફેંકી દીધો

પ્રેમ આંધળો હોય છે અને પ્રેમમાં અંધ બનેલો વ્યક્તિ ગમે તે હદ સુધી જતો હોય છે.. ત્યારે પરસ્ત્રીના પ્રેમમાં અંધ બનેલા ડીસા તાલુકાના એક શખ્સે પત્નીની નિર્મમ હત્યા કરી પત્નીના મૃતદેહને નિર્દયતાપૂર્વક ફેંકી દીધો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પોલીસે હત્યારા પતિની અટકાયત કરતાં આ સનસનીખેજ મામલો બહાર આવ્યો છે.

સંબંધોને કાળું લાંછન લગાડતી આ ચકચ ઘટનાની વિગતો કઈક એવી છે કે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ધનપુરા ગામની યુવતીના લગ્ન વિરૂણા ગામના ભરત પરમાર સાથે થયા હતા.જોકે લગ્ન બાદ ભરત સાથે મનમેળ ન આવતા આ યુવતી તેના પિયર પરત આવી ગઈ હતી જ્યારે ભરત ધંધાર્થે સાણંદ જતો રહ્યો હતો. જોકે દશ દિવસ અગાઉ આ યુવતી રહસ્યમય રીતે ગુમ થઈ જતાં યુવતીના પરિવારજનોએ ડીસા તાલુકા પોલીસ મથકમાં જાણ કરી હતી. જેના પગલે પોલીસે આ યુવતીની શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન પોલીસે કોઈ પર શંકા હોવાનું પૂછતાં યુવતીના પરિવારજનોએ યુવતીના પતિ સામે શંકા વ્યક્ત કરી હતી.જેથી પોલીસે પણ સાણંદ પહોંચી આ યુવતીના પતિ ભરત પરમારની પૂછપરછ કરતાં ભાંગી પડેલા ભરતે પોતે જ પોતાની પત્નીને મળવા બોલાવ્યા બાદ તેણીની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.આવી ચોંકાવનારી કબુલાત કર્યા બાદ પોલીસે ભરતની અટકાયત કરી આ હત્યાનો ભેદ ઉકેલવા ભરતની આકરી પૂછપરછ હાથ ધરતા તેણે રજૂ કરેલી સીલસીલાબંધ વિગતો જાણી પોલીસની આંખો પણ પહોળી થઈ ગઈ હતી. આરોપી ભરતે નફ્ફટ કબુલાત કરતા જણાવ્યુ હતું કે સાણંદમાં તેને અન્ય યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો.



**અરવલ્લી કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન હીરાભાઈ એસ. પટેલ ભાજપમાં જોડાયા**

અરવલ્લી કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન હીરાભાઈ એસ. પટેલ ભાજપમાં જોડાયા હતા. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના મેમ્બર અને અરવલ્લી જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને ધનસુરા તાલુકાના રમોસ ગામના વતની હીરાભાઈ એસ. પટેલ આજરોજ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીની હાજરીમાં તેઓ ભાજપમાં જોડાયા હતા. તેઓ ભાજપમાં જોડાતા જીલ્લા ભાજપના આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી.



**ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમી ઉજવણી**

ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમી નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમી નિમિત્તે સ્કૂલોમાં વિવિધ પ્રકારે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે જન્માષ્ટમી નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના બાળકોએ ટ્રેડિશનલ કપડાંમાં ભાગ લીધો હતો. સ્કૂલમાં મટકીફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. સાથે રાસ ગરબા પણ રાખવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ રાજકુમારી રાઠોડ અને સ્કૂલના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા જરૂરીયાતમંદોને કાચું સીધું આપવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૨૧

દાન આપવું એ સહેલું છે પણ ખરેખર જરૂરીયાતમંદો સુધી પહોંચાડવું એ વધારે અઘરૂં છે. ત્યારે પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી કોઇને મદદ કરવાનાં ઈરાદાથી દાન ઉઘરાવી જરૂરીયાતમંદોને પહોંચાડે છે.

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં પાંચ વર્ષથી ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા સાતમ-આઠમના તહેવારને પ્રાંતિજ સહિત તાલુકામાંથી દરેક સમાજના દાંતાઓ પાંસેથી નાની મોટી રકમ એકઠી કરી ખરેખર જરૂરીયાતમંદોની યાદી બનાવી નાનીભાગોળ બહુચર માતાના મંદિર ચોકમાં કાચું સીધાંની કિટ તૈયાર કરી ખરેખર જરૂરીયાતમંદોને દાંતાઓના હસ્તે આપવામાં આવે છે અને દાંતાઓનુ ફુલહાર દ્વારા ક્ષત્રિય યુવક મંડળ દ્વારા સન્માન



કરવામાં આવે છે. ત્યારે આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ પંકજભાઈ મોદી, નગરપાલિકા કોર્પોરેટરો ગોવિદસિંહ, મુખ્ય દાંતા વિળાબેન સથવારા, વિનુભાઈ સથવારા સહિત દાંતાઓ ઉપસ્થિત રહીને જરૂરીયાતમંદોને કાચું સીધાની કિટ પુરી પાડવામાં આવી હતી. હમિરસિંહ, દિલીપભાઈ પ્રજાપતિ, રાકેશભાઈ પંડ્યા દ્વારા ખરેખર યોગ્ય લાભાર્થીઓને કાચું સીધાની કિટ મળે તેવું સુદર આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજેન્દ્રનગર આર્ટસ કોલેજની પૂજા પટેલ યોગમાં ઈન્ટરનેશનલ કોમ્પિટિશન-ઢાકામાં બે ગોલ્ડ અને બે સિલ્વર

વિશ્વ યોગ દિવસે અનેક લોકો યોગ કરતા હોય છે. યોગના કૌશલ્ય થકી સમગ્ર વિશ્વ અને દેશમાં સાબરકાંઠા જીલ્લાની રાજેન્દ્રનગર આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી અને મહેસાણાના અંબાલા ગામની પૂજા પટેલે નામની વિદ્યાર્થિનીએ તાજેતરમાં બાંગ્લાદેશના ઢાકા ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કોમ્પિટિશનમાં બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ''મીસ યોગીની''નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. સૌ પ્રથમ ચીનના શાંઘાઈમાં યોગ કોમ્પિટિશનમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો, ત્યાર બાદ હોંગકોંગ અને સેનઝેનમાં પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી વિશ્વમાં સાબરકાંઠાની રાજેન્દ્રનગર આર્ટસ કોલેજ અને મહેસાણા જીલ્લાનો સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો હતો.




પુજા પટેલે યોગ ક્ષેત્રે કઠોર પરિશ્રમના ફળસ્તૃતી ભાગરૂપે અનેક પ્રકારના યોગના આસન કરી બતાવે છે, કેટલાક યોગાસન તો ભાગ્યેજ કોઈ કરી શકે છે. પોતાનુ શરીર જાણે કે રબ્બરની જેમ વાળી શકે છે અને આકરા આસનો પણ સહેલાઈથી કરતા પૂજાના યોગાસન જોનાર લોકોને દંગ કરી દે છે.

''મીસ યોગીની'' પૂજા પટેલ સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ધોરણ-૪માં અભ્યાસ કરતી હતી ત્યારથી પિતાએ ટીવી પર બાબા રામદેવના યોગથી અભિભૂત થઈ તેના પિતા ઘનશ્યામભાઈ પટેલે તાલીમ આપવાનું શરુ કર્યું હતું, ત્યારથી અલગ અલગ કક્ષાએ શાળા ગેમ્સ, ખેલમહાકુંભ, રાજ્યકક્ષાને રમત અને આંતરરાષ્ટ્રીય કક્ષાને રમતો રમી ચુકી છે. અત્યાર સુધી આંતરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે તો ૬૪ મેડલ, ૧૧૭ ટ્રોફીઓ અને ૧૮૬ પ્રમાણપત્રો મેળવી ચુકી હોવાનું જણાવ્યું હતું અને અનેક સંસ્થાઓ યોગ પ્રદર્શન માટે બોલાવતા હોવાનુ અને નાના બાળકોને યોગ કરતા શીખવાડતા હોવાનું જણાવ્યું હતું.

પૂજાના પિતા ઘનશ્યામ ભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ધોરણ ૪માં પુજા અભ્યાસ કરતી હતી અને ઘરે ટીવી લાવ્યા ત્યારબાદ બાબા રામદેવના શો જોઈને પુજાને મે તાલીમ આપી અને પુજાએ વિશ્વભરમાં મારુ, પરિવારનુ અને દેશનુ નામ રોશન કરતા ગૌરવ અનુભવું છું.

રાજેન્દ્રનગર આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ પ્રવીણ પટેલે જણાવ્યુ હતુ કે પુજા અમારી કોલેજમાં આવી ત્યારથી કોલેજનુ નામ સમગ્ર દેશમાં અને વિશ્વમાં ગુંજતું કર્યું છે. અમારી કોલેજમાં અભ્યાસ અર્થે આવ્યા બાદ બાંગ્લાદેશના ઢાકા ખાતે બે ગોલ્ડ અને બે સિલ્વર મેડલ પ્રાપ્ત કરતા કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓ અનહદ ગૌરવ અનુભવતા હોવાનું જણાવ્યું હતું. પૂજા પટેલ કોલેજમાં અન્ય વિદ્યાર્થોને પણ તાલીમ આપી રહી છે.